**સુરત મહાનગરપાલિકાની તા.૨૪–૧–૨૦૧૨ ના રોજ મળેલ માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો. :–**

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૮૧૮/૨૦૧૧ થી, ગાંધી સ્મૃતિ ભવન અને સરદાર પટેલ સ્મૃતિભવન ઉપયોગમાં લેવા માટેના નીચે જણાવેલ નવા નીતિ નિયમો અને દરો મંજુર કરવાનું તથા સદર નિયમો અને દરોના અર્થઘટન માટે તથા ઉપસ્થિત થતી કોઈપણ બાબતો અંગે નિર્ણય લેવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તથા નીચે પરિશિષ્ટ–એ થી એફ માં જણાવેલ રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમો, પ્રાયોજકની જવાબદારી અને ફરજો, નિયમો, ઉપલબ્ધ સગવડો, પરવાના, ફર્નીચર ભાડા, ઈફેકટ લાઈટ તેમજ માઈક ભાડા વિગેરેમાં તથા પરિશિષ્ટ–જી માં જણાવેલ ગાંધી સ્મૃતિભવનના અને પરિશિષ્ટ–એચ માં જણાવેલ સરદાર પટેલ સ્મૃતિભવનના ભાડાના દરોમાં ફેરફાર કરવાનું તથા આ ઠરાવનો અમલ ૧ લી એપ્રિલ–૨૦૧૨ થી થનાર કાર્યક્રમના બુકીંગ માટે કરવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેને બહાલી આપવામાં આવે છે.

# <u>પરિશિષ્ટ–એ</u>

## –: રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમો :–

| | |
|---|---|
| (૧) | સુરત મહાનગરપાલિકા સંચાલિત ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા ઈચ્છતી કોઈપણ સંસ્થા અગર વ્યકિતએ છાપેલા નિયત અરજી પત્રકમાં મ્યુ.કમિશ્નરશ્રીને અરજી કરવાની રહેશે. આ અરજી પત્રક ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે આવેલ કચેરીમાંથી રવિવારે કે જાહેર રજાના દિવસ સિવાયના દિવસે સવારે ૧૧–૦૦ થી ૨–૦૦ કલાકના સમય દરમ્યાન રૂા.૫૦/– (અંકે રૂપિયા પચાસ) ની કિંમતે મળી શકશે. |
| (૨) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૧૫૦ દિવસ અગાઉ અને ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી અરજી કરવાની રહેશે. પરંતુ ઉપરોકત સમય મર્યાદામાં ફેરફાર કરવાની સત્તા કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીને રહેશે.<br>(અ) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે માટે દરેક માસની પહેલી તારીખે ૧૨૧ દિવસથી ૧૫૦ દિવસ (સમગ્ર પાંચમાં મહિના) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે પરિશિષ્ટ <u>'જી તથા એચ'</u> માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૧૦૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.<br>(બ) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે માટે માસની પહેલી તારીખે ૯૧ દિવસથી ૧૨૦ દિવસ (સમગ્ર ચોથા મહિના) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે પરિશિષ્ટ <u>'જી તથા એચ'</u> માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૫૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.<br>(ક) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે માટે માસની પહેલી તારીખે ૬૧ થી ૯૦ દિવસ (સમગ્ર ત્રીજા મહિના) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે પરિશિષ્ટ <u>'જી તથા એચ'</u> માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ વગેરે નિયમ મુજબના નાણાં વસુલ કરીને કરવામાં આવશે.<br>(ડ) ભરત નાટયમ તથા આરંગેત્રમ માટે તેમજ રાજય કક્ષા તથા કેન્દ્ર કક્ષાના પરિસંવાદ મીટીંગ, સેમીનાર, પ્રવચન વિગેરે કાર્યક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ સેવાકીય સંસ્થાઓ તથા એસોસીએશન વિગેરેને ૧૫૧ દિવસથી વધુ સમય પહેલા એટલે કે બુકીંગની તારીખથી ૧૮૦ દિવસ પહેલાં (સમગ્ર છઠ્ઠા મહિના) કાર્યક્રમ માટે પરિશિષ્ટ <u>'જી તથા એચ'</u> માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૧૦૦% ભરપાઈ કરાવી એડવાન્સમાં આપવા મ્યુ.કમિશ્નરશ્રી અધિકૃત રહેશે. |
| (૩) | (અ) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનું રીઝર્વેશન વહેલો તે પહેલાના ધોરણે કરવામાં આવશે. તેમ છતાં જો એકજ તારીખે અને એક જ સમયે એકથી વધુ અરજી આવી હશે તો તેવા સંજોગોમાં અરજદારની રૂબરૂમાં મ્યુ.કમિશ્નરશ્રી અથવા તેમના પ્રતિનિધિ સમક્ષ ચિઠ્ઠી નાંખી/કોમ્પ્યુટર ડ્રો સીસ્ટમ કે અન્ય પ્રવર્તમાન પધ્ધતિથી ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન કોને ભાડેથી આપવું તે અંગે નિર્ણય કરવામાં આવશે જે નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.<br>(બ) એક સંસ્થા/વ્યકિત તરફથી એક જ પ્રતિનિધિ રૂા. ૩૦૦૦/– ભરી ડ્રોમાં ભાગ લઈ શકશે તથા ઓળખનો પુરાવો રજૂ કરવાનો રહેશે તથા જે સંસ્થા વ્યકિતને ડ્રો મારફત તારીખ ફાળવવામાં આવશે તે જ નામનું બુકીંગ કરાવવાનું રહેશે તેમજ તે જ નામના ટીકીટ કે આમંત્રણકાર્ડ છપાવવાના રહેશે અને તેમણે જ કાર્યક્રમ કરવાનો રહેશે. જેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય |

મારફત કાર્યક્રમ કરી શકાશે નહિં કે ફાળવી શકાશે નહિં.

(૪) કોઈપણ અરજી અનુસાર ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન વાપરવાની પરવાનગી આપવી કે નહીં તે બાબતનો નિર્ણય કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીને રહેશે.

(૫) જો કોઈ તારીખે કોઈપણ સંસ્થા યા વ્યકિત તરફથી ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનું અગાઉથી રીઝર્વેશન મેળવવામાં આવ્યું હશે તેમ છતાં કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થાય તો તેવું રીઝર્વેશન કોઈપણ કારણો જણાવ્યા સિવાય રદ કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીને રહેશે. ઉપર જણાવ્યા પ્રમાણે રીઝર્વેશન રદ કરવા બદલ કોઈપણ નુકશાની ચુકવવાની થતી જવાબદારી મહાનગરપાલિકાની રહેશે નહીં તથા તે અંગે કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

(૬) કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એકી સાથે ૧૫ દિવસથી વધુ સળંગ સમય માટે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન વાપરવા માટેનું રીઝર્વેશન મળી શકશે નહીં. તેમ છતાં જો આવી કોઈ માંગણી આવેતો તેવા સંજોગોમાં યોગ્યતા મુજબ ફાળવણી કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીની રહેશે.

(૭) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટે જે તારીખનું રીઝર્વેશન મેળવવામાં આવ્યું હોય તે તારીખ/સેશન સામાન્ય સંજોગોમાં બદલી આપવામાં આવશે નહીં. પરંતુ કોઈ ખાસ સંજોગોમાં તારીખ/સેશન બદલી આપવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીને રહેશે. જે માટે અરજદારે રૂા.૧,૦૦૦/– ની વધારાની ફી ચુકવવાની રહેશે. આ પ્રમાણે બદલી આપવામાં આવેલી નવી તારીખ અને પ્રકાર નકકી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર હોવી જોઈએ. ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટે જે કાર્યક્રમ માટે બુકીંગ કરાવ્યું હોય અને ખાસ સંજોગોમા કાર્યક્રમનો પ્રકાર અથવા કાર્યક્રમનું નામ (નાટક, મ્યુઝીકલ પાર્ટી/કલાકારનું નામ ... વગેરે) બદલવામાં આવે તો અરજદારે રૂા.૨,૦૦૦/– ની વધારાની ફી તથા બદલાયેલા ભાડા/એ.સી.ચાર્જ ના તફાવતની રકમ ભરવાની રહેશે.

(૮) રીઝર્વેશન મેળવનાર વ્યકિત અગર સંસ્થા ધ્વારા કોઈ સંજોગોમાં ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ ન કરવો હોય તેવા પ્રસંગે અરજદારે લેખિત અરજી આપવાની રહેશે. જે તારીખ માટે રીઝર્વેશન મેળવ્યું હોય તેની સમય મર્યાદા અનુસાર નીચે મુજબની રકમ તેમજ લાગુ પડતા નિયમ મુજબના ટેક્ષ કાપી લઈ બાકી રકમનું રીફંડ આપવામાં આવશે.

**કાર્યક્રમ રદ કરવા બાબતે રીફંડનું પત્રક**

| અ.નં | કાર્યક્રમની તારીખથી | હોલભાડું તથા એરકન્ડીશન ચાર્જની ભરેલી રકમ/ફી માંથી કપાત રકમ |
|---|---|---|
| (૧) | ૪૫ દિવસ પહેલાં અને ૬૦ દિવસની અંદર | ૨૫ % |
| (૨) | ૩૦ દિવસ પહેલાં અને ૪૫ દિવસની અંદર | ૫૦ % |
| (૩) | ૧૫ દિવસ પહેલાં અને ૩૦ દિવસની અંદર | ૭૦ % |
| (૪) | ૧૫ દિવસની અંદર | ૧૦૦% |

(૯) રીઝર્વેશન માટેની અરજીમાં જે વ્યકિત અગર સંસ્થાનું નામ કાર્યક્રમના પ્રાયોજક તરીકે દર્શાવવામાં આવ્યુ હશે તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં અર્થાત પ્રાયોજક સિવાયની કોઈપણ અન્ય ત્રાહિત વ્યકિત તે કાર્યક્રમ અંગે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રીઝર્વેશન મેળવી શકશે નહીં. ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહીં અથવા નામ ફેર કરી શકશે નહીં. અરજદાર સિવાયની કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થા ધ્વારા કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. આ નિયમનો ભંગ કર્યાનું માલુમ પડશે તો સબંધકર્તા વ્યકિત અગર સંસ્થા ધ્વારા આ અરજી સાથે ભરવામાં આવેલી તમામ રકમ જપ્ત કરવામાં આવશે તથા રીઝર્વેશન આપોઆપ રદ થયેલું ગણાશે. આયોજક નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરશે તો તેમને કાળી યાદીમાં મૂકવામાં આવશે. અને અરજી સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

| | |
|---|---|
| (૧૦) | કુદરતી આફત અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તેવા સંજોગોમાં ડીપોઝીટ તથા ચાર્જીસની પૂરેપુરી રકમનું રીફંડ આપવાની કમિશ્નરશ્રીને સત્તા રહેશે. |
| (૧૧) | કાર્યક્રમ ચાલુ હોય તે સમય દરમ્યાન કુદરતી આફત અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સંજોગોમાં કાર્યક્રમ અડધેથી બંધ કરાવવાની સત્તા વિભાગીય વડાશ્રીને રહેશે અને તે માટે કોઈ રીફંડ આપવામાં આવશે નહીં. |

## ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા સબંધી નિયમો

| | |
|---|---|
| (૧) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માંગતી વ્યકિત અગર સંસ્થાએ નિયત કરેલા ફોર્મમાં ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની ફી તથા એ.સી. ચાર્જ તથા કાર્યક્રમને અનુરૂપ ડીપોઝીટ પરિશિષ્ટ 'જી તથા એચ' મુજબ ભરવાની રહેશે. |
| (૨) | વ્યવસાયી મનોરંજન કાર્યક્રમ જેવા કે મ્યુઝીકલ, ડાન્સ અગર જનસેવા કાર્યક્રમો કે ફીલ્મી જગતના ફીલ્મ સ્ટારો, પાર્શ્વગાયકો, સંગીત નિર્દેશકો વિગેરે જેવા નામાંકિત વ્યકિતઓ હાજરી આપવાની હોય અગર ભાગ લેવાની હોય અને તેવી જાહેરાત કરવામાં આવી હોય તેવા કાર્યક્રમો તે પ્રકારના અન્ય કાર્યક્રમો માટે ઉપરોકત ડીપોઝીટ ઉપરાંત રૂા.૫,૦૦૦/– વધુ રકમ સીકયુરીટી ડીપોઝીટ તરીકે ભરવાની રહેશે. તથા કાર્યક્રમના પ્રકાર અનુસાર વધારાની ડિપોઝીટ લેવાની સત્તા ગાંધી સ્મૃતિભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના વિભાગીય વડાશ્રીને અધિકૃત રહેશે. |
| (૩) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન વાપરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના સમયખંડો (સેસન) રહેશે. |

| | | |
|---|---|---|
| ૧. | સવારે ૯–૩૦ થી ૧–૦૦ | પહેલું સેસન |
| ૨. | બપોરે ૩–૦૦ થી ૬–૩૦ | બીજુ સેસન |
| ૩. | રાત્રે ૯–૦૦ થી ૧૨–૩૦ | ત્રીજુ સેસન |

(અ) ઉપરોકત ખંડની સમયમર્યાદામાં પરવાનાને આધિન રહીને વધુ સમય માટે કાર્યક્રમ ચાલશે તો દર અડધો કલાક અગર તેના ભાગ દીઠ નિયત કરેલ વધારાનો દર આપવાનો રહેશે. તેમ છતાં વધારાનો સમય વધુમાં વધુ એક કલાકનો જ રહેશે. આકસ્મિક સંજોગોમાં વધારાનો સમય એક કલાક ઉપરાંતના વધારાના સમય માટે પ્રાયોજકે ફી તેમજ ડીપોઝીટ એક સેસન જેટલા ભરવાના રહેશે.

(બ) પ્રત્યેક સમયખંડના પ્રારંભ પહેલા ફકત ૨ કલાક અગાઉ લાઈટ, સાઉન્ડ, સ્ટેજ ડેકોરેશન માટે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો કબજો પરિસ્થિતિ અનુસાર પૂર્વતૈયારી માટે વિના મૂલ્યે આપવામાં આવશે. પરંતુ તેના કરતા વધુ સમય માટે માંગણી કરવામાં આવશે/કબ્જો લેવામાં આવશેતો પ્રત્યેક ૩૦ મીનીટ દીઠ રૂા.૫૦૦/–,પછીના કલાક માટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવશે. આ અંગે અગાઉથી બુકીંગ કરાવનાર/આયોજકશ્રીએ જાણ કરવાની રહેશે. આ નિયમ હેઠળ અગાઉનું સેસન ખાલી હશે તો જ હોલ ફાળવવામાં આવશે.

| | |
|---|---|
| (૪) | કાર્યક્રમના આગળના દિવસે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાલી હશે અગર કોઈપણ સમયખંડ માટે રોકાણ ન હોય તો જ પ્રાયોજકને સેટીંગ્સ કે અન્ય ગોઠવણી કરવા માટે પરવાનગી આપવામાં આવશે. જે માટે વધારાનો ચાર્જ (એક સેશન દીઠ)રૂ. ૨૦૦૦/– ભરેલ ડીપોઝીટમાંથી વસૂલ કરવામાં આવશે. તેમજ એરકન્ડીશનનો વપરાશ કરવામાં આવે તો એ.સી.મશીન ચાર્જના ૫૦% ઉપરાંત વીજળી બળતણ ચાર્જ ભરેલ ડીપોઝીટમાંથી વસૂલ કરવામાં આવશે. |
| (૫) | ઉપરોકત સમયખંડને સમય મર્યાદામાં સંજોગો અનુસાર ફેરફાર કરવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રી કે તેના અધિકૃત અધિકારીની રહેશે. |
| (૬) | (૧) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટેના દર નીચે દર્શાવેલ પરિશિષ્ટ 'જી તથા એચ' મુજબ લેવામાં આવશે અને પરિશિષ્ટ–'સી' મુજબની સુવિધા આપવામાં આવશે. પરંતુ વીજળી, એરકન્ડીશન, ફર્નીચર વિગેરે ચાર્જીસ અચુક આપવાના રહેશે.<br>(૨) શહેરની બિનસરકારી સામાજીક સંસ્થાઓ/અન્યોને ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન કોઈપણ સંજોગોમાં વિના મૂલ્યે આપી શકાશે નહી.<br>(૩) રાષ્ટ્રીય તહેવારો કે એવા મહત્વના અસાધારણ પ્રસંગોએ કાર્યક્રમોની ઉજવણી માટે સુરત મહાનગરપાલિકા, સરકારી સંસ્થાઓને સંપુર્ણ વિના મૂલ્યે મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરીથી આપી શકાશે.<br>(૪) સુરત મહાનગરપાલિકાના હેતુ માટે વપરાશ કરવાની જરૂરિયાત જણાયતો તેવા કિસ્સામાં તમામ પ્રકારના ખર્ચમાંથી મુકિત આપી ફાળવી આપવા અંગે વિભાગીય વડાશ્રીને સત્તા રહેશે.<br>(૫) રાષ્ટ્રીય તેમજ ધાર્મિક તહેવાર દરમ્યાન જાહેર રજાના દિવસોએ ફકત સરકારી કે અર્ધસરકારીસંસ્થાઓને કાર્યક્રમો યોજવા માટે ફાળવવા તથા અન્ય સંસ્થાઓને કમિશ્નરશ્રીની મંજુરીથી નિયત ભાડા તથા ડીપોઝીટ વસુલ કરી ફાળવી શકાશે.<br>(૬) રાજય/કેન્દ્ર સરકારશ્રી કે તેના કોઈ ઘટક દ્વારા આયોજીત કાર્યક્રમ અંગે વિનામૂલ્યે ફાળવવાની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં ભાડામાંથી મુકિત આપવા અંગેની સત્તા મ્યુ.કમિશ્નરશ્રીની રહેશે. અને આ અંગે જેતે વિભાગે મ્યુ.કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. |
| (૭) | વીજળી વપરાશ અંગે યુનિટના દરમાં વખતોવખત સુધારા વધારા કરવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રીની રહેશે. |

# પરિશિષ્ટ–બી

## –: પ્રાયોજકની જવાબદારી અને ફરજો :–

| | |
|---|---|
| (૧) | કોઈ પ્રાયોજક તેના કાર્યક્રમ માટે પોતે જે કોઈ પોતાની સાધન–સામગ્રી સેટીંગ, ફર્નિચર તથા લાઈટ અંગેની સામગ્રીઓ લાવે તો પ્રયોજકે તેવી વસ્તુઓની યાદી ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના મેનેજરને આપી તેવી વસ્તુઓ તેમને રૂબરૂ બતાવવાની રહેશે તથા કાર્યક્રમ બાદ આવી વસ્તુઓ નિર્ધારીત સમય મર્યાદામાં બતાવીને લઈ જવાની રહેશે. વધુમાં કોઈપણ સંસ્થા કે વ્યકિત જયાં સુધી વધારાના સાધનો કોર્પોરેશન તરફથી ઉપલબ્ધ સાધન–સામગ્રી મળી રહે ત્યાં સુધી બહારના ભાડે લાવી શકશે નહીં અને વધારાના સાધનો લાવવા માટે જરૂરી પરવાનગી અગાઉથી લેવાની રહેશે. |
| (૨) | કાર્યક્રમ અંગે વધારાનું ફર્નિચર, સેટીંગ્સ, લાઈટ, માઈક, પડદા, પ્રોપર્ટી વિગેરેની પ્રયોજકોને જરૂરી હશે તો તેવી જરૂરિયાત અંગે કાર્યક્રમના બે દિવસ અગાઉથી મેનેજરને અરજી કરવાની રહેશે. જે અનુસાર જે સાધન–સામગ્રી ઉપલબ્ધ હશે તે પરિશિષ્ટ અનુસાર નિર્ધારીત ભાડાની રકમ અગાઉથી વસુલ લઈ તેવી સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવશે. આવી તમામ સાધન સામગ્રી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તુરત જ સહી સલામત પરત કરવાની પ્રાયોજકની જવાબદારી રહેશે. આ સામગ્રીને થયેલ નુકશાનીની રકમ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. |
| (૩) | ગાંધી સ્મૃતિભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની લાઈટ અને સાઉન્ડ વિગેરેની કન્ટ્રોલ કેબીનમાં અધિકૃત ઓપરેટર સિવાય અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહીં. દરેક પ્રાયોજકે કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગારના પ્લાનમાં દર્શાવ્યા મુજબની હરોળમાં મુકરર કરવામાં આવેલી બેઠકો ફરજીયાત રીતે વિનામૂલ્યે અનામત રાખવાની રહેશે. આ બેઠકોનો મ્યુ.કમિશનરશ્રીના આદેશઅનુસાર ઉપયોગ કરવાનો મેનેજમેન્ટને અધિકાર રહેશે. |
| (૪) | કાર્યક્રમ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના સ્ટેજ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તથા નેપથ્યના કસબીઓ તથા અન્ય કોઈ વ્યકિત જે અગત્યના કારણોસર કાર્યક્રમ સાથે સંકળાયેલા હોય તે સિવાયની કોઈપણ અન્ય વ્યકિતને પ્રાયોજકે દાખલ થવા દેવાના નથી. આવી બિનજરૂરી વ્યકિતઓને મેનેજમેન્ટ સ્ટેજ ઉપરથી દૂર કરી શકશે. કાર્યક્રમ સાથે સીધી રીતે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ માટે પ્રાયોજકે બેચ, પુરા પાડવાના રહેશે. જે ધારણ કર્યા સિવાયની વ્યકિતઓને સ્ટેજ ઉપર પ્રવેશ મળી શકશે નહીં. |
| (૫) | કાર્યક્રમના પ્રારંભથી અંત સુધી પ્રાયોજકે પોતાના તરફથી ઓળખ માટે બેજ ધારણ કરેલા ઓછામાં ઓછા ચાર સ્વયંસેવકોને પ્રેક્ષાગારમાં રાખવાના રહેશે. ખાસ પ્રસંગે મેનેજરની પરવાનગી સિવાય ચારથી વધુ સ્વયંસેવકો ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના પ્રેક્ષાગારમાં દાખલ થઈ શકશે નહીં. પ્રેક્ષાગારમાં રાખેલા સ્વયંસેવકોના નામની યાદી મેનેજરને કાર્યક્રમ શરૂ કરતાં પહેલા પ્રાયોજકે આપવાની રહેશે. |
| (૬) | કાર્યક્રમ યોજવા અંગે કાયદા અનુસાર નીચે પરિશિષ્ટ –'ડી' માં દર્શાવ્યા મુજબના તમામ જરૂરી પરવાના સંબંધિત સરકારી – અર્ધ સરકારી અધિકારી પાસેથી મેળવીને પ્રાયોજકે કાર્યક્રમના અગાઉના દિવસે મેનેજરને રજુ કરવાના રહેશે તેમજ જરૂરી પરવાનાઓ રજુ કર્યા સિવાય કોઈ પણ સંજોગોમાં કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં તેમજ હોલનો કબજો મળશે નહિં. |
| (૭) | કાર્યક્રમ અંગેની ટીકીટોનું વેચાણ ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે તે માટેની નિર્ધારીત જગ્યામાં પ્રયોજક અગર તેના અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જ કરવા દેવામાં આવશે. આ માટે એક દિવસનો એક શો દીઠનો બુકીંગ ઓફિસનો ચાર્જ રૂ.૧૫૦–૦૦ લઈ આપવામાં આવશે. એડવાન્સ બુકીંગ સવારે ૯–૦૦ થી બપોરે ૧–૦૦ તથા સાંજે ૪–૦૦ થી સાંજે ૭–૦૦ સુધીજ |

| | |
|---|---|
| | બુકીંગ ઓફિસમાંથી કરી શકાશે. |
| (૮) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના કાર્યક્રમ માટે કબજો લેતી વખતે મેનેજરની હાજરીમાં તમામ સાધન–સામગ્રી, બેઠકો વિગેરે તપાસી લઈ નિર્ધારીત પત્રકમાં પ્રાયોજકે સહી કરવાની રહેશે. આગ, હુલ્લડ, ધાંધલ અથવા બીજા અન્ય કારણે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના માલ મિલકત, વીજળી જોડાણો, રંગમંચના સાધનો, ખુરશીઓ તથા ગાંધી સ્મૃતિભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની મિલકતને નુકશાન થાય કે ગુમ થાય તેવા કિસ્સામાં મ્યુ.કમિશ્નરશ્રી અથવા અધિકૃત અધિકારીશ્રી નકકી કરે તેવી નુકશાનીની રકમ ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ભાડે રાખનાર પાસેથી વસુલ લેવામાં આવશે.નુકશાનીની આકારણી કરવામાં આવેલ નિર્ણય છેવટનો રહેશે. મુકેલી ડીપોઝીટની રકમ કરતાં નુકશાનીની રકમ તથા કાર્યક્રમ દરમ્યાન થયેલ ખર્ચની લેણી રકમ અરજદારે દિન–૩ માં ભરપાઈ કરવાની રહેશે. મુદત વિત્યે કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના માંગણા મુજબ વસુલ કરવા હકકદાર રહેશે. તેમજ આ અંગે જરૂર પડયેથી બીજા કાયદેસરના પગલાં લઈ શકાશે. આ અંગે કોર્ટમાં દાવો ચલાવવા ફકત સુરત સીવીલ કોર્ટનું જયુડીશીયન રહેશે. (Subject To Surat Jurisdiction Only) |
| (૯) | કાર્યક્રમમાં ભાગ લેનાર સિને કલાકારો અગર અન્ય ટોચના કલાકારોના ચોકકસ નામોની જ પ્રાયોજકે જાહેરાત કરવાની છે. મતલબ કે ટીકીટના વધુ વેચાણ માટે પ્રેક્ષકમાં છેતરામણી જાહેરાત પ્રાયોજકે કે તેના પ્રતિનિધિઓએ કોઈપણ રીતે કરવાની નથી. આ પ્રકારની છેતરામણી જાહેરાતના પરિણામે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના કાર્યક્રમ દરમ્યાન ધમાલ થાય અને તેથી હોલની માલ–મિલકતને નુકશાન થાય તેવી પરિસ્થિતિ સર્જાય નહીં તે માટે યથાયોગ્ય પ્રબંધ કરવાની તમામ જવાબદારી પ્રાયોજકની રહેશે. |
| (૧૦) | કાર્યક્રમ પુર્ણ થયા બાદ તુરત જ રાત્રીના સમયે સેટીંગ્સ વિગેરે નીચે ઉતારવાનુ શકય બનશે નહીં એવા સંજોગોમાં કાર્યક્રમના બીજા દિવસે મેનેજર ધ્વારા જણાવેલ સમય મર્યાદામાં બહારથી લાવવામાં આવેલ સેટીંગ્સ, ફર્નિચર વિગેરે ખસેડી લેવાનું ફરજીયાત રહેશે. તેમ કરવામાં પ્રાયોજક નિષ્ફળ જશે તો પ્રાયોજકના હિસાબે અને જોખમે તેવી સામગ્રી દૂર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ પ્રાયોજક પાસેથી વસુલ કરવામાં આવશે. |
| (૧૧) | હોલમાં કોઈ આકસ્મિક સંજોગો કે અકસ્માત પ્રસંગોએ થતાં નુકશાન પેટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિં. |
| (૧૨) | મુખ્ય પડદા, ઝાલર, સાઈડ વિંગ્સ વગેરે પર કોઈપણ પ્રકારનું સુશોભન કરી શકાશે નહિં કે સુશોભન માટે ખીલી, સેલોટેપનો ઉપયોગ કરી શકાશે નહિં. |
| (૧૩) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનમાં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા, દારૂખાનુ, મશાલ તથા અન્ય સળગી ઉઠે તેવા પદાર્થો, અગ્નિની જવાળાઓ થાય તેવા પ્રયોગો, જોખમકારક સ્ફોટક પદાર્થોનો ઉપયોગ પ્રેક્ષાગારમાં કે સ્ટેજ ઉપર કરવા દેવામાં આવશે નહીં. જે અનુસાર સળગે તેવા, ધડાકો થાય તેવા પદાર્થો,ધૂમાડો થાય તેવા ધૂપ–દિપ ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનમાં લાવી કે રાખી શકાશે નહીં. જેના ભંગ બદલ ઉભી થતી તમામ જવાબદારી પ્રાયોજકની રહેશે. |

<u>સામાન્ય નિયમો</u>

| | |
|---|---|
| (૧) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન હોલમાં વધારાની ખુરશીઓ મુકવા દેવામાં આવશે નહીં તેમજ ખુરશીઓની ગોઠવણીમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. હોલની બેઠકો કરતાં કોઈપણ વધારાની વ્યકિતઓને દાખલ કરવા દેવામાં આવશે નહીં અને જો વધારાની વ્યકિતઓએ પ્રવેશ મેળવેલ હશે તો નિયમ ભંગ કરવા બદલ શિક્ષા/દંડ કરવાની સત્તા મ્યુ. કમિશનરશ્રીને રહેશે. |
| (૨) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની અંદર સ્વચ્છતા જળવાઈ રહે તે જ હેતુથી પ્રેક્ષાગારમાં કોઈપણ પ્રકારના ખાદ્ય પદાર્થો, ઠંડાપીણા, પાનમસાલા, ગુટખા લઈ જવા દેવામાં આવશે નહીં. બહારના ફેરીયાઓને કે સ્વંયસેવકોને કોઈપણ ખાવાપીવાની વસ્તુઓ વેચવા/વિતરણ કરવા દેવામાં આવશે નહીં. ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની અંદર આવી ચીજ લઈ જવાની સખત મનાઈ છે. જેના ભંગ બદલ મ્યુ.કમિશ્નરશ્રી કે તેના અધિકૃત અધિકારી દંડ કરી શકશે. આ વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત આયોજકે પ્રેક્ષકો શરૂઆતમાં પ્રેક્ષાગારમાં જાય ત્યારે અને મધ્યાંતરમાં બહાર આવી ફરીથી અંદર જાય તે સમયે પોતાના વોલેન્ટીયર્સ ધ્વારા ચેકીંગ કરાવી, આવી ચીજવસ્તુઓ પ્રેક્ષાગારમાં ન જાય તે બાબતે આયોજન કરવાનું રહેશે. |
| (૩) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના ઓડીટોરીયમ સાથે સંકળાયેલ સ્ટાફ, મ્યુ.કમિશ્નરશ્રીએ જે અધિકારીને અધિકાર આપ્યો હોય તેવા કર્મચારીઓ તથા સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રી મા.મેયરશ્રી, ડે.મેયરશ્રી તેમજ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના વપરાશ દરમ્યાન કોઈપણ ભાગમાં પ્રવેશ કરી શકશે. |
| (૪) | અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની સુવિધામાં એરકન્ડીશન, સાઉન્ડ તથા ઈલેક્ટ્રીક પાવર વિગેરે કોઈપણ જાતનો વિક્ષેપ થાય તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં. |
| (૫) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનમાં યોજાયેલ કોઈ કાર્યક્રમમાં કોપી રાઈટનો ભંગ થતો હશે તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં. |
| (૬) | સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન મનોરંજન કાર્યક્રમ જેવા હેતુ માટે ફાળવવામાં આવશે. આવા કાર્યક્રમ કરવા બાબતે કેન્દ્રસરકાર / રાજયસરકાર/ સ્થાનીક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય તો તે આયોજકે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગમાં અરજી કરી મેળવવાના રહેશે, આવા કાયદાઓના ભંગ થશે તે અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે. |
| (૭) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન લગ્ન કે લગ્નના સબંધી કે તેને અનુરૂપ કોઈ પણ કાર્યક્રમ માટે ભાડે આપવામાં આવશે નહીં. |
| (૮) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનમાં રજુ કરવામાં આવનાર કાર્યક્રમની રૂપરેખા અને પ્રવચનો વ્યાખ્યાનો, પરિસંવાદો વિગેરે હોય તો તે અંગેની માહિતી મ્યુ.કમિશ્નરશ્રી અથવા અધિકૃત અધિકારી અગાઉથી માંગી શકશે અને તે આપવામાં ન આવે તો ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં. |

| | |
|---|---|
| (૯) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના બેઠક વ્યવસ્થામાં કાર્યક્રમ દીઠ એક કોપી વિના મુલ્યે આપવામાં આવશે તથા વધારાની દરેક કોપી માટે રૂા.૧૦/– નો ચાર્જ લઈ આપવામાં આવશે. |
| (૧૦) | કાર્યક્રમ અંગેની જાહેર ખબર, આમંત્રણ પત્રિકા કે ટીકીટો કાઢવામાં આવે તો તેના ઉપર સુરત મહાનગરપાલિકા ગાંધી સ્મૃતિ ભવન/ સરદાર પટેલ સ્મૃતિભવન ફરજીયાત લખવાનું રહેશે. |
| (૧૧) | ઈલેકટ્રીકલ લાઈટ અને પંખા વપરાશ માટે ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના મેનેજરશ્રીનો અંકુશ રહેશે. |
| (૧૨) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના મકાનમાં કે કમ્પાઉન્ડમાં ચા–નાસ્તો કે કોઈ વસ્તુ તૈયાર કરાવી શકાશે નહીં. |
| (૧૩) | ડીપોઝીટની રકમ કાર્યક્રમ પુરો થયા બાદ સાધારણ રીતે દિન–૧૫ માં પરત કરવામાં આવશે અને તે સમય દરમ્યાન ન મળે તો કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. |
| (૧૪) | (અ) કાર્યક્રમને લગતું જાહેરાતનું ફકત એક બોર્ડ કાર્યક્રમની તારીખથી ૮(આઠ) દિવસની અંદર વિનામૂલ્યે મુકવા દેવામાં આવશે. પરંતુ તે પહેલા વધુમાં વધુ ૧૫ દિવસની મર્યાદામાં મુકવા માટે એક બોર્ડ દીઠનો રોજનો રૂા.૧૦૦/– નો ચાર્જ આપવાનો રહેશે અને કાર્યક્રમ પુરો થયેથી જાહેરાતનું બોર્ડ દિન ૧ માં લઈ જવામાં ન આવશે તો ગાંધી સ્મૃતિભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનની આ અંગેની કોઈ જવાબદારી રહેશે નહિં. જાહેરાતનું બોર્ડ ૪ ફુટ × ૬ ફુટ ની સાઈઝ કરતાં મોટું હશે તો બોર્ડ મુકવા દેવામાં આવશે નહીં.<br><br>(બ) કાર્યક્રમમાં સ્ટેજ ઉપર કે ફોયરમાં કાર્યક્રમ સિવાયની એક ધંધાદારી જાહેરાત ના એક બેનરના એક શો લેખે રૂા.૨૫૦/– નો ચાર્જ આપવાનો રહેશે.<br><br>(ક) (૧) કાર્યક્રમના પ્રસારણ માટે પ્રોજેકટર સ્ક્રીન સ્ટેજ સિવાય અન્ય જગ્યાએ મુકવામાં આવે તો સ્ક્રીન દીઠ રૂા.૫૦૦/– નો ચાર્જ આપવાનો રહેશે.<br><br>(૨) પ્રોજેકટર સ્ક્રીન સ્ટેજ, ઓડીટોરીયમ, પ્રેક્ષકગૃહ કે ફોયરમાં મુકવામાં આવે અને સ્ક્રીન પર ધંધાદારી જાહેરાત બતાવવામાં આવે તો રૂા.૧,૦૦૦/– નો ચાર્જ આપવાનો રહેશે. |
| (૧૫) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરનાર પોતાના પ્રસંગ દરમ્યાન કોઈ અકસ્માત અગર ગુન્હો થાય તો તેની સઘળી જવાબદારી હોલનો ઉપયોગ કરનાર પ્રાયોજકની રહેશે. |
| (૧૬) | ઓડીટોરીયમની બેઠક ક્ષમતાની મર્યાદામાં ટીકીટ કે આમંત્રણ પત્રિકા પર બેઠક નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે તેમજ "ઓડીટોરીયમમાં કોઈપણ પ્રકારના ખાદ્યપદાર્થ, ઠંડાપીણા પાન–મસાલા તેમજ ગુટખા લઈ જવાની સખત મનાઈ છે" જે નિયમ પ્રાયોજકે ટીકીટ તેમજ આમંત્રણ પત્રિકામાં છપાવવા ફરજીયાત રહેશે. જેનો નમુનો વેચાણ કરતા પહેલાં મેનેજર,ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિભવનને રજુ કરવાનો રહેશે.જો ઉપરોકત વિગત ટીકીટ/આમંત્રણ પત્રિકામાં છપાવવામાં ન આવશે અને હોલમાં ગંદકી જણાયે સફાઈ ચાર્જ વસુલ કરવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૭) | ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના ઉપરોકત તમામ નિયમોના અર્થઘટન માટે અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે. જેના ભંગ બદલ મ્યુ.કમિશ્નરશ્રી કે તેના અધિકૃત અધિકારી દંડ કરી શકશે. |

## પરિશિષ્ટ – સી

| ગાંધી સ્મૃતિ ભવનના પ્રેક્ષાગારની વિગતો | સરદાર પટેલ સ્મૃતિભવનના પ્રેક્ષાગારની વિગતો |
|---|---|
| ૮૧૬ બેઠક ધરાવતું પ્રેક્ષાગાર તથા રંગમંચ સંપુર્ણ રીતે વાતાનુકુલ છે. | ૧૨૦૧ બેઠક ધરાવતું પ્રેક્ષાગાર તથા રંગમંચ સંપુર્ણ રીતે વાતાનુકુલ છે. |
| રંગમંચ : પહોળાઈ ૨૧.૦૦ મીટર, ઊંડાઈ ૧૪.૦૦ મીટર ઉંચાઈ ૧૪.૦૦ મીટર તથા લંબાઈ ૧૩.૦૦ મીટર છે. મુખ્ય વેલ્વેટના પડદાની ઉંચાઈ ૧૩ ફૂટ તથા પહોળાઈ ૩૮ ફૂટ તથા કાળા પડદાની ઉંચાઈ ૧૩ ફૂટ તથા પહોળાઈ ૨૪ ફૂટ | રંગમંચ : પહોળાઈ ૧૦.૭૦ મીટર, ઉંચાઈ ૫.૨૦ મીટર(પડદાની) તથા લંબાઈ ૧૫.૬૦ મીટર છે. |
| જવનીકા : ઈલેકટ્રીકલ કન્ટ્રોલની સગવડવાળો મુખ્યવેલ્વેટનો પડદો તથા એક કાળો પડદો મળી કુલ બે પડદા તથા રંગમંચ ઉપર નીચે જણાવેલી લાઈટો તથા માઈક વિગેરે આપવામાં આવશે. જે અંગે કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં. | જવનીકા : ઈલેકટ્રીકલ કન્ટ્રોલની સગવડવાળો મુખ્ય વેલ્વેટનો પડદો –૧ તથા અન્ય પડદો–૧ મળી કુલ બે પડદા તથા રંગમંચ ઉપર નીચે જણાવેલી લાઈટો તથા માઈક વિગેરે આપવામાં આવશે. જે અંગે કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં. |

| | | | |
|---|---|---|---|
| ૫૦૦ વોટસ બેબી સ્પોટ લાઈટ | ૬ | ૧૫૦ વોટસ મેટલ હેલાઈડ લાઈટ | ૨ |
| ૫૦૦ વોટસ ફલડ લાઈટ | ૮ | ૨૫૦ વોટસ મેટલ હેલાઈડ લાઈટ | ૨ |
| ૫૦૦ વોટસ હેલોઝન લાઈટ | ૪ | ૧૦૦૦ વોટસ સ્પોટ લાઈટ | ૪ |
| માઈક (હેંગીંગ–૬ અને સ્ટેન્ડ –૩) | ૯ | ૧૦૦૦ વોટસ હેલોજન લાઈટ | ૨ |
| | | ૫૦૦ વોટસ હેલોજન લાઈટ | ૨ |
| | | માઈક (હેંગીંગ–૬ અને સ્ટેન્ડ –૩) | ૯ |

## પરિશિષ્ટ – ડી

–: પ્રાયોજકો ધ્વારા ફરજીયાત રીતે મેળવવાના પરવાના, મનોરંજન કર, મ્યુ.વેરા વિગેરે બાબત :–

| | |
|---|---|
| (૧) | ગીત, સંગીત, નૃત્ય, નાટય, રાસ–ગરબા, ગઝલ, કવ્વાલી, મુશાયરો તથા કવિ સંમેલનો, ફીલ્મી તેમજ સુગમ ગીતો વિગેરે જેવા તમામ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, સચિવાલય, ગાંધીનગર પાસેથી યોગ્યતા સ્ક્રીપ્ટ લાયસન્સ મેળવવાનું રહેશે. જેની ચકાસણી માટે સરકારશ્રી ધ્વારા મોકલેલ અધિકારી કે નિયુકત પ્રતિનિધિને ગુજરાત રાજય સંગીત અકાદમી, ગાંધીનગર તરફથી આપવામાં આવતા યોગ્યતા પ્રમાણપત્રની શરત નં.૧ મુજબ" ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની કચેરીના સચિવ તજજ્ઞ, વિભાગના સચિવશ્રી, મંત્રીશ્રી તથા કચેરીના સચિવ મારફત નિયુકત થયેલ અધિકારી, કર્મચારીને નાટકના જાહેર મનોરંજનનો કાર્યક્રમ યોજવાનો હોય કે યોજાઈ રહયા હોય તેવા કોઈપણ સ્થળે અબાધિત પ્રવેશ કરવાનો અધિકાર રહેશે અને તેમને આગલી (પ્રથમ) હરોળની વચ્ચેની પાંચ બેઠકો કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગારમાં અનુકુળ બેઠક વ્યવસ્થા ફરજીયાત રીતે ફાળવી આપવાની રહેશે. |
| (૨) | કલેકટરશ્રી સુરત પાસેથી " કરમુકિત " મનોરંજન કરવેરા મુકિત લાયસન્સ મેળવવાનું રહેશે. |
| (૩) | પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી " પરફોર્મન્સ " લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવવાનું રહેશે. ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના બુકીંગ ઓફિસનો વપરાશ કરવા અંગે ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ રજુ કરવાનું રહેશે. બુકીંગ ઓફિસમાંથી ફી વગરના આમંત્રણ પત્રિકા વેચી શકાશે નહીં.પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી " પરફોર્મન્સ " લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવી બે દિવસ અગાઉ મુળ કોપી રજુ કરવાની રહેશે.લાયસન્સ વિના હોલનો કબજો આપવામાં આવશે નહીં. |
| (૪) | સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન મનોરંજન કાર્યક્રમ જેવા હેતુ માટે ફાળવવામાં આવશે. આવા કાર્યક્રમ કરવા બાબતે કેન્દ્રસરકાર / રાજયસરકાર/ સ્થાનીક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા હાલના તથા વખતોવખત અમલમાં આવતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય તો તે આયોજકે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગમાં અરજી કરી મેળવવાના રહેશે, આવા કાયદાઓના ભંગ થશે તે અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે. |
| (૫) | કાર્યક્રમ પ્રવેશ ફી વિનાનો રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રિકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાયસન્સો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સીધા વેરા અમલદાર પાસેથી મનોરંજન કર મુકિત ( થીયેટર ટેક્ષ ફ્રી) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. પ્રવેશ ફીનો દર રાખવામાં આવ્યો હશે તો ભરેલ ડીપોઝીટમાંથી થીયેટર ટેક્ષ (મનોરંજન કર)ની રકમ વસુલ લેવામાં આવશે. |
| (૬) | નિયત લાયસન્સ વિના ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનમાં કાર્યક્રમ થઈ શકશે નહીં. |

# પરિશિષ્ટ – ઈ

ફર્નીચરના ભાડા બાબત.

| અ.નં. | સાધનોના નામ | ભાડુ રૂા. (નંગ–૧ દીઠ) |
|---|---|---|
| ૧. | સ્ટીલની ખુરશી | ૦૫–૦૦ |
| ૨. | ગાદીવાળી ખુરશી | ૨૦–૦૦ |
| ૩. | ફેન્સી મુંડા | ૧૦–૦૦ |
| ૪. | સનમાઈકા ટિપોઈ | ૧૦–૦૦ |
| ૫. | સાદુ લાકડાનું ટેબલ | ૨૦–૦૦ |
| ૬. | લાકડાનો પાટ | ૫૦–૦૦ |
| ૭. | સ્પીચ ડેસ્ક | ૫૦–૦૦ |
| ૮. | સનમાઈકા ટેબલ | ૫૦–૦૦ |
| ૯. | ઓફિસ ખુરશી | ૧૫–૦૦ |
| ૧૦. | લાકડાના ફોલ્ડીંગ પ્લેટફોર્મ/સનમાઈકા બાકડા | ૫૦–૦૦ |
| ૧૧. | સ્ટુલ | ૧૦–૦૦ |
| ૧૨. | લાકડાનો રેક | ૫૦–૦૦ |
| ૧૩. | ખાનાવાળું લાકડાનું ટેબલ | ૨૫–૦૦ |
| ૧૪. | ડેકોરેટીવ ખુરશી | ૧૦–૦૦ |

# <u>પરિશિષ્ટ – એફ</u>

<u>ઈફેકટ લાઈટ તેમજ માઈકના ભાડા બાબત.</u>

| અ.નં. | સાધનોના નામ | ભાડુ રૂા. (નંગ–૧ દીઠ) |
|---|---|---|
| ૧. | ૫૦૦ વોટસ બેબી સ્પોટ લાઈટ | ૪૦–૦૦ |
| ૨. | ૫૦૦ વોટસ ફલડ સ્પોટ લાઈટ | ૩૦–૦૦ |
| ૩. | માઈક | ૫૦–૦૦ |
| ૪. | ૫૦૦/૧૦૦૦ વોટસ હેલોઝન લાઈટ | ૪૦–૦૦ |
| ૫. | નાની બેબી (ડીન્કી) લાઈટ | ૩૦–૦૦ |
| ૬. | ફોકો | ૧૫–૦૦ |
| ૭. | કલર વ્હીલ | ૧૫–૦૦ |
| ૮. | ૨ કિલો વોલ્ટ ડીમર | ૫૦–૦૦ |
| ૯. | ૪ કિલો વોલ્ટ ડીમર | ૭૫–૦૦ |
| ૧૦. | સ્ટ્રોબ લાઈટ | ૧૫૦–૦૦ |
| ૧૧. | મીરર બોલ (સ્ટાર બોલ) | ૧૦૦–૦૦ |
| ૧૨. | ૫૦૦ વોટસ મીરર સ્પોટ (લાઈટ) | ૪૦–૦૦ |
| ૧૩. | બ્લેક વુડ લેમ્પ (અલ્ટ્રા વાયોલેટ) | ૧૫૦–૦૦ |
| ૧૪. | બ્રાઉન્ડર (૫૦૦ વોટસ બેબી સ્પોટ માટે) | ૧૦–૦૦ |
| ૧૫. | સીકવન્સ લાઈટ (યુનિટ) | ૨૦૦–૦૦ |
| ૧૬. | સાયકલોરમા પડદો | ૨૦૦–૦૦ |
| ૧૭. | ડેકોરેટીવ પડદો | ૨૦૦–૦૦ |
| ૧૮. | પ્રોજેકટ મશીન (સાયકલોરમા પડદા) સાથે | ૩૦૦–૦૦ |
| ૧૯. | સાદા લેમ્પ | ૧૫–૦૦ |
| ૨૦. | કેસેટ પ્લેયર અથવા સી.ડી.પ્લેયર (પ્રી એમ્પ્લીફાયર સાથે) | ૧૦૦–૦૦ |
| ૨૧. | ઈફેકટ કેસેટ /ડીસ | ૧૫–૦૦ |
| ૨૨. | ૨૦૦૦ વોટસ સોલાર લાઈટ | ૧૫૦–૦૦ |
| ૨૩. | માઈક સ્ટેન્ડ | ૨૦–૦૦ |
| ૨૪. | સ્પીકર સ્ટેન્ડ | ૨૦–૦૦ |
| ૨૫. | કોર્ડલેસ માઈક | ૨૦૦–૦૦ |
| ૨૬. | ડાયસ માઈક (ગુસ માઈક) | ૨૦૦–૦૦ |
| ૨૭. | ૧૦૦૦ વોટસ સ્પોટ લાઈટ | ૧૦૦–૦૦ |
| ૨૮. | ૬૫૦ વોટસ સ્પોટ લાઈટ | ૭૫–૦૦ |

નોંધઃ– ઉપરોકત **પરિશિષ્ટ** – 'ઈ' અને 'એફ' માં જણાવેલ સાધનો પૈકી અત્રે ઉપલબ્ધ સાધનો આપવામાં આવશે. વધારાના ફર્નિચર– લાઈટ વિગેરેની ખરીદી કરવામાં આવે તો તેના ભાડાના દર નકકી કરવાની સતા મ્યુ. કમિશ્નરશ્રીને રહેશે.

# પરિશિષ્ટ – જી

## ગાંધી સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટેના દરો.

| ક્રમ | કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | હોલ ભાડુ રૂા. | એરકન્ડીશન ચાર્જ રૂા. | કુલ ચાર્જ રૂા. | અન્ય ચાર્જ માટેની ડીપોઝીટ રૂા. |
|---|---|---|---|---|---|---|
| (૧) | શૈક્ષણિક, ધાર્મિક મીટીંગ, સેમીનાર,પ્રવચન, વિગેરે માટે. પહેલા અને બીજા સેશન માટે. (ટીકીટના દર વગરના કાર્યક્રમ માટે) | ૩ાા કલાક | ૨૦૦૦/– | ૩૫૦૦/– | ૫૫૦૦/– | ૭૦૦૦/– |
| (૨) | નાટક,બેલે,(નૃત્ય નાટિકા) શાસ્ત્રીય નૃત્ય, રાસ–ગરબા, સુગમ ગીત–સંગીત, ગીત–ગઝલ, ભજન, ડાયરો મુશાયરો (કવિ સંમેલન) કવ્વાલી,જાદુ, વિગેરે માટે. | ૩ાા કલાક | ૨૫૦૦/– | ૩૫૦૦/– | ૬૦૦૦/– | ૧૦૦૦૦/– |
| (૩) | (અ) ફકત ફિલ્મી ગીત–સંગીત (ઓરકેસ્ટ્રા) બીઝનેશ, શેરહોલ્ડર મીટીંગ/વાર્ષિક મીટીંગ વિગેરે માટે. | ૩ાા કલાક | ૫૦૦૦/– | ૩૫૦૦/– | ૮૫૦૦/– | ૧૨૦૦૦/– |
| | (બ) ફિલ્મી ગીત, ડાન્સ,બુગી બુગી જેવી તમામ સ્પર્ધા, ઈનામ વિતરણ સાથેના શાળાકીય/સામાજીક સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે | ૭ કલાક | ૧૦૦૦૦/– | ૭૦૦૦/– | ૧૭૦૦૦/– | ૨૦૦૦૦/– |
| (૪) | (અ) કાર્યક્રમના નિયત કરેલા સમય કરતા વધારાના દર અડધો કલાકના પ્રયોજકે ભરવાનો દર વધુમાં વધુ એક કલાક | અડધો કલાક (૩૦ મિનીટ) | ૬૦૦/– | ૮૦૦/– | ૧૪૦૦/– | – |
| | (બ) આકસ્મિક સંજોગોમાં વધારાનો સમય ૧–કલાક ઉપરાંતના વધારાના સમય માટે પ્રયોજકે ૩ાા કલાકના કાર્યક્રમને અનુલક્ષીને નિયત કરેલા દર મુજબ એક સેસનનો ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. | | | | | |
| (૫) | (અ) ૯૧ દિવસથી ૧૨૦ દિવસ પહેલાં કાર્યક્રમ માટે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે ઉપર જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૫૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.<br>(બ) ૧૨૧ દિવસથી ૧૫૦ દિવસ પહેલાં કાર્યક્રમ માટે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે ઉપર જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૧૦૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે. | | | | | |
| (૬) | (અ) ઓડીટોરીયમમાં ફોયર સાથે ભાડે આપવા | | | | | દર ૩ાા કલાકના રૂા.૪,૦૦૦/– |
| | (બ) ફોયરમાં ફકત ટેબલ વ્યવસ્થા અંગે નંગ દીઠ (વધુમાં વધુ ૮ ટેબલ) | | | | | દર ૩ાા કલાકના રૂા.૨૫૦/– |
| (૭) | વી.આઈ.પી. પાર્કીંગ સાથે ભાડે આપવા. | | | | | દર ૩ાા કલાકના રૂા.૩,૦૦૦/– |
| (૮) | બુકીંગ માટેના અરજી પત્રકની કિંમત | | | | | રૂા. ૫૦–૦૦ |
| (૯) | ડ્રોમાં ભાગ લેવા માટેની રીફંડેબલ ફી | | | | | રૂા.૩,૦૦૦–૦૦ |
| (૧૦) | (અ) પ્રોજેકટર સ્ક્રીન, સ્ટેજ સિવાય મુકવાનો દર | | | | | રૂા.૫૦૦–૦૦ |

| | | |
|---|---|---|
| | (બ) પ્રોજેકટર સ્ક્રીન પર ધંધાદારી જાહેરાત પ્રદર્શિત કરવાનો દર | રૂા.૧,૦૦૦–૦૦ |
| (૧૧) | (અ) કાર્યક્રમને લગતી જાહેરાતના બોર્ડ નો દર (૪' × ૬') | રૂા.૧૦૦–૦૦ |
| | (બ) ધંધાધારી જાહેરાતના એક બેનરના એક શો દીઠનો ચાર્જ (૪' × ૬') | રૂા.૨૫૦–૦૦ |
| (૧૨) | ટીકીટોના વેચાણ માટે બુકીંગ ઓફિસનો ઉપયોગ કરવા માટેનો એક દિવસ દીઠ દર | રૂા.૧૫૦–૦૦ |
| (૧૩) | જનરલ લાઈટીંગ તથા એ.સી.સીસ્ટમ માટે જે ખરેખર વીજળી બળતણ થાય તે મુજબ રૂા.૮/– પ્રતિ યુનિટ લેખેની રકમ ભરેલી ડીપોઝીટમાંથી આપવાની રહેશે. વખતોવખત વીજ કંપની તરફથી વીજ બળતણ ચાર્જમાં ફેરફાર થાય તે મુજબ ચાર્જ આપવાનો રહેશે. | |
| (૧૪) | સુરત શહેર હદ બહારની સંસ્થા/વ્યકિતઓએ નિયત ડીપોઝીટ ઉપરાંત વધારાની ડીપોઝીટ રૂા.૫,૦૦૦/– તેમજ ભાડું તથા ડીપોઝીટની રકમ રોકડા કે ડિમાન્ડ ડ્રાફટ થી જમા કરાવવાની રહેશે. | |
| (૧૫) | કાર્યક્રમોના પ્રકાર પ્રમાણે વધારાની ડીપોઝીટ લેવાની સત્તા કમિશ્નરશ્રી કે તેના અધિકૃત અધિકારીશ્રીની રહેશે. | |
| (૧૬) | પ્રવર્તમાન દરોએ સર્વિસ ટેક્ષ કે અન્ય લાગત ટેક્ષીસ કે વેરા પ્રાયોજકોની જમા ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે. | |

# પરિશિષ્ટ – એચ

## સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટેના દરો.

| ક્રમ | કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | હોલ ભાડુ રૂા. | એરકન્ડીશન ચાર્જ રૂા. | કુલ ચાર્જ રૂા. | અન્ય ચાર્જ માટેની ડીપોઝીટ રૂા. |
|---|---|---|---|---|---|---|
| (૧) | શૈક્ષણિક, ધાર્મિક મીટીંગ, સેમીનાર,પ્રવચન, વિગેરે માટે. પહેલા અને બીજા સેશન માટે. (ટીકીટના દર વગરના કાર્યક્રમ માટે) | ૩ા કલાક | ૩૦૦૦/– | ૫૩૦૦/– | ૮૩૦૦/– | ૧૦૦૦૦/– |
| (૨) | નાટક,બેલે,(નૃત્ય નાટિકા) શાસ્ત્રીય નૃત્ય, રાસ–ગરબા, સુગમ ગીત–સંગીત, ગીત–ગઝલ, ભજન, ડાયરો મુશાયરો (કવિ સંમેલન) કવ્વાલી,જાદુ, મીટીંગ વિગેરે માટે. | ૩ા કલાક | ૩૭૫૦/– | ૫૩૦૦/– | ૯૦૫૦/– | ૧૦૦૦૦/– |
| (૩) | (અ) ફકત ફિલ્મી ગીત–સંગીત (ઓરકેસ્ટ્રા) બીઝનેશ, શેરહોલ્ડર મીટીંગ/ વાર્ષિક મીટીંગ વિગેરે માટે. | ૩ા કલાક | ૭૫૦૦/– | ૫૩૦૦/– | ૧૨૮૦૦/– | ૧૫૦૦૦/– |
| | (બ) ફિલ્મી ગીત, ડાન્સ,બુગી બુગી જેવી તમામ સ્પર્ધા, ઈનામ વિતરણ સાથેના શાળાકીય/સામાજીક સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે | ૭ કલાક | ૧૫૦૦૦/– | ૧૦૬૦૦/– | ૨૫૬૦૦/– | ૨૦૦૦૦/– |
| (૪) | (અ) કાર્યક્રમના નિયત કરેલા સમય કરતા વધારાના દર અડધો કલાકના પ્રાયોજકે ભરવાનો દર વધુમાં વધુ એક કલાક | અડધો કલાક (૩૦ મિનીટ) | ૧૦૦૦/– | ૧૨૦૦/– | ૨૨૦૦/– | – |
| | (બ) આકસ્મિક સંજોગોમાં વધારાનો સમય ૧–કલાક ઉપરાંતના વધારાના સમય માટે પ્રયોજકે ૩ા કલાકના કાર્યક્રમને અનુલક્ષીને નિયત કરેલા દર મુજબ એક સેસનનો ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. | | | | | |
| (૫) | (અ) ૯૧ દિવસથી ૧૨૦ દિવસ પહેલાં કાર્યક્રમ માટે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે ઉપર જણાવેલ હોલ | | | | | |

| | | |
|---|---|---|
| | ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૫૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.<br>(બ) ૧૨૧ દિવસથી ૧૫૦ દિવસ પહેલાં કાર્યક્રમ માટે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે ઉપર જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૧૦૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે. | |
| (૬) | (અ) ઓડીટોરીયમમાં ફોયર સાથે ભાડે આપવા | દર ૩ા કલાકના રૂા.૪,૦૦૦/– |
| | (બ) ફોયરમાં ફકત ટેબલ વ્યવસ્થા અંગે નંગ દીઠ (વધુમાં વધુ ૮ ટેબલ) | દર ૩ા કલાકના રૂા.૨૫૦/– |
| (૭) | બુકીંગ માટેના અરજી પત્રકની કિંમત | રૂા. ૫૦–૦૦ |
| (૮) | ડ્રોમાં ભાગ લેવા માટેની રીફંડેબલ ફી | રૂા.૩,૦૦૦–૦૦ |
| (૯) | (અ)પ્રોજેકટર સ્ક્રીન, સ્ટેજ સિવાય મુકવાનો દર | રૂા.૫૦૦–૦૦ |
| | (બ)પ્રોજેકટર સ્ક્રીન પર ધંધાદારી જાહેરાત પ્રદર્શિત કરવાનો દર | રૂા.૧,૦૦૦–૦૦ |
| (૧૦) | (અ)કાર્યક્રમને લગતી જાહેરાતના બોર્ડ નો દર (૪' × ૬') | રૂા.૧૦૦–૦૦ |
| | (બ) ધંધાધારી જાહેરાત ના એક બેનરના એક શો દીઠનો ચાર્જ (૪' × ૬') | રૂા.૨૫૦–૦૦ |
| (૧૧) | ટીકીટોના વેચાણ માટે બુકીંગઓફિસનો ઉપયોગ કરવા માટેનો એક દિવસ દીઠ દર | રૂા.૧૫૦–૦૦ |
| (૧૨) | જનરલ લાઈટીંગ તથા એ.સી.સીસ્ટમ માટે જે ખરેખર વીજળી બળતણ થાય તે મુજબ રૂા.૮/– પ્રતિ યુનિટ લેખેની રકમ ભરેલી ડીપોઝીટમાંથી આપવાની રહેશે. વખતોવખત વીજ કંપની તરફથી વીજ બળતણ ચાર્જમાં ફેરફાર થાય તે મુજબ ચાર્જ આપવાનો રહેશે. | |
| (૧૩) | સુરત શહેર હદ બહારની સંસ્થા/વ્યકિતઓએ નિયત ડીપોઝીટ ઉપરાંત વધારાની ડીપોઝીટ રૂા. ૫,૦૦૦/– તેમજ ભાડું તથા ડીપોઝીટની રકમ રોકડા કે ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે. | |
| (૧૪) | કાર્યક્રમોના પ્રકાર પ્રમાણે વધારાની ડીપોઝીટ લેવાની સત્તા મ્યુ.કમિશનરશ્રી કે તેના અધિકૃત અધિકારીશ્રીની રહેશે. | |
| (૧૫) | પ્રવર્તમાન દરોએ સર્વિસ ટેક્ષ કે અન્ય લાગત ટેક્ષીસ કે વેરા પ્રાયોજકોની જમા ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે. | |

**ઠરાવ નં.૬/૨૦૧૨ સર્વાનુમતે મંજુર.**

=====================================

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**